# અસ્પૃશ્યતા અને હારજીત

## [ ૨૮ ]

**અસ્પૃશ્યતાનું** ઝેરી ઝાડ ઓછામાં ઓછું ત્રણ હજાર વર્ષ જેટલું તો જૂનું છે જ. સૌથી પહેલાં તેનો ઉગ્ર સામનો કરનાર બે મહાન ઐતિહાસિક પુરુષો જાણીતા છે : એક ભગવાન મહાવીર અને બીજા ભગવાન બુદ્ધ. એમનું જીવન અંતઃશુદ્ધિ ઉપર ઘડાયેલું હોવાથી એમનો અસ્પૃશ્યતા સામેનો વિરોધ ધર્મપ્રદેશમાં દેખાયો. પરિણામે ચિત્ત અને સંભૂતિ નામના બે અસ્પૃશ્ય બાળકો, જેઓ સામાજિક તિરસ્કારથી આત્મહત્યા કરવા તૈયાર થયેલા તેઓ, અને હરિકેશી વગેરે ચંડાળો (અંત્યજો) પણ જૈન મુનિસંઘમાં દાખલ થયા. બૌદ્ધ ભિક્ષુસંઘમાં પણ અસ્પૃશ્યો દાખલ થયા. આ અસ્પૃશ્ય ત્યાગીઓના પગમાં રાજાઓ અને મોટા મોટા શ્રીમાનો જ નહિ, પણ જૈન અને બૌદ્ધ બ્રાહ્મણો પણ પડવા લાગ્યા, એટલે ધર્મની જાગૃતિ સમાજમાં દાખલ થઈ. એક બાજુ વૈદિક બ્રાહ્મણોનો પ્રચંડ રોષ અને બીજી બાજુ જૈન બૌદ્ધ ભિક્ષુઓનો ત્યાગ, એ બે વચ્ચે જાદવાસ્થળી શરૂ થઈ. પરિણામે આગળ જતાં બ્રાહ્મણ-ધર્મની ગીતામાં અસ્પૃશ્યોને પણ અપનાવવામાં આવ્યા. એટલા પૂરતી જૈન અને બૌદ્ધ ત્યાગ તેમ જ વિચારની જીત.

પણ જૈન અને બૌદ્ધ સંઘમાં સંખ્યાબંધ બ્રાહ્મણો દાખલ થયા હતા. તેઓ પોતાનું જન્મસિદ્ધ જાતિ-અભિમાન છોડી ન શક્યા. તેઓ વિચાર અને પ્રભાવમાં મહાન હોવાથી બીજા લોકો તેમને વશ થયા, એટલે શાસ્ત્રીય વિચારમાં જૈન પરંપરા હમેશાં અસ્પૃશ્યતાનો એકસરખો વિરોધ કરતી આવી હોવા છતાં સંઘ બહારના અને અંદરના બ્રાહ્મણોના મિથ્યા જાતિ-અભિમાનને ગૃહસ્થ અને ત્યાગી બધા જ જૈનો વશ થયા અને પરિણામે ધર્મ તેમ જ સમાજ બંને પ્રદેશમાં અસ્પૃશ્યતા પરત્વે જૈનો વ્યવહારમાં હાર્યા. બૌદ્ધ સંઘ જૈન જેટલો નિર્બળ ન હતો, તેથી તે હિંદુસ્તાનની અંદર અને બહાર અસ્પૃશ્યતાની બાબતમાં પોતાના મૂળ ધ્યેયથી દૂર ન ગયો. એટલે એ બાબતમાં છેવટે માત્ર જૈનો જ હાર્યા.

રામાનુજે, કબીરે, નાનકે, ચૈતન્યે, તુકારામે અને બીજા સંતોએ ધર્મની દૃષ્ટિએ અસ્પૃશ્યોને અપનાવવા પોતાથી બનતું કર્યું, પણ પાછા તેમના જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિષ્યો આજુબાજુ ફેલાઈ રહેલા જન્મસિદ્ધ ઉચ્ચનીચના ખ્યાલથી હાર્યાં. છેવટે સ્વામી દયાનંદ (જન્મથી બ્રાહ્મણ) આવ્યા. તેમણે ધર્મ, સમાજ અને રાષ્ટ્ર એ બધી દૃષ્ટિએ અસ્પૃશ્યતાને પાપરૂપ કહી અને તેને ધોઈ કાઢવા સંગીન પ્રયત્નો શરૂ કરાવ્યા. એ પ્રયત્નો તે પહેલાંના કોઈ પણ પ્રયત્ન કરતાં વધારેમાં વધારે સફળ થયા, છતાં અત્યાર સુધીમાં એ પ્રયત્ન માત્ર એક સમાજ તરફથી ચાલતો અને બીજા સમાજો કાં તો એનો વિરોધ કરતા અને કાં તો તટસ્થ રહેતા.

છેવટે મહાત્માજીનું તપ આવ્યું. એને લીધે બધા જ સમાજોમાં અસ્પૃશ્યતા પરત્વે જાગૃતિ થઈ. આ જાગૃતિ વિશ્વવ્યાપી છે અને તે મોટામાં મોટી જીત છે. આ જીતમાં ફુલાવાને અવકાશ નથી, પણ કર્તવ્યનો સવાલ છે. જેઓ અસ્પૃશ્યતા નિવારવાના કામમાં પાછા પડશે તેઓ ધર્મ ચૂકશે અને સ્વમાન પણ કદી સાચવી નહિ શકે. ત્યારે હવે આજે શું કર્તવ્ય છે એ ટૂંકમાં જોઈ લઈએ :

(૧) અંત્યજોને પોતાને ત્યાં બીજા ઉચ્ચ ભાઈઓની પેઠે રાખવા.

(૨) જાતે અગર બીજા મારફત કે સ્કૉલરશિપ આપીને તેમને ભણાવવા.

(૩) તેમની વચ્ચે જઈને દવા, સ્વચ્છતા, સભ્યતા આદિ માટે કામ કરવું અને તેઓની ખાનપાનની શુદ્ધિ માટે પ્રયત્ન કરવો.

(૪) તેઓને કથાવાર્તા દ્વારા અને બીજી રીતે હિંદુ ધર્મનો સ્પષ્ટ ખ્યાલ આપવો તેમ જ તેમના વહેમો દૂર કરવા.

—પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો, ૧૯૩૨.

Jain Education International     For Private & Personal Use Only     www.jainelibrary.org